| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૫/૦૭/૨૦૨૩ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## રામોલ પો.સ્ટે.વિસ્તારમાંથી ટાટા નેક્ષોન કારમાં ભરેલ દેશી દારુ ૮૧૦ લીટર કિ.રૂ.૧૬,૨૦૦/- મળી કુલ્લે રુપિયા ૭,૩૩,૩૫૦/ ના મુદામાલ સાથે બે આરોપીઓ ને ઝડપી પાડતી પી.સી.બી.

ઈન્ચાર્જ પોલીસ કમિશનર શ્રી પ્રેમવીર સિંહ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે આજરોજ તા.૧૫.૦૭.૨૩ ની વહેલી સવારે પી.સી.બી.ના પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા સ્ટાફના મ.સ.ઈ. મહંમદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, અ.હે.કો.ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮, આ.હે.કો. મહેંદ્રકુમાર ઉદેસિંગભાઈ બ.ન.૪૮૯, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો.નરેન્દ્રકુમાર મેરુભાઈ ૪૮૯૯ તથા અ.પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિહ બ.ન.૪૮૯૭ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન અ.હે.કો. પરાક્રમસિહ ભગવાનભાઈ તથા અ.હે.કો.નરેન્દ્રકુમાર મેરુભાઈ નાઓને સંયુક્તરીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે સી.ટી.એમ. અમદાવાદ વડોદરા એક્ષપ્રેસ હાઈવેના નાકા ઉપર જાહેર રોડ ઉપર નંબર પ્લેટ વગર ની સફેદ કલર ની ટાટા નેક્ષોન કારમાથી ભરેલ દેશી દારૂ કુલ્લે ૮૧૦ લીટર કિ.રૂ.૧૬,૨૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૭,૩૩,૩૫૦/- ના મુદામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી રામોલ પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૨૪૨૩૦૭૮૬/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ),૯૮(૨), ૮૧,૮૩ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ:** (૧) પિયુષ દિનેશભાઈ ઠાકોર રહે.ભીલવાસ, દશામાંના મંદિર પાસે, પોલીસ ચોકીની સામે, સાબરમતી, અમદાવાદ શહેર (૨) રુપેશ રમેશભાઈ નટ રહે.મ.ન.૩૬, કાળીગામ, નટવાસ, દિગ્વીજય ફેકટરી પાસે, કાળીગામ, સાબરમતી, અમદાવાદ શહેર

**વોન્ટેડ આરોપીઓ :** (૧) જગદીશ ભાટી (મારવાડી) રહે.મદ્રાસી મંદિર પાસે, કેશવનગર, રાણીપ, અમદાવાદ શહેર (૨) જીગ્નેશ દેવીપુજક રહે.નડીયાદ (૩) તપાસમા નિકળે તે

**ગુનાની જગ્યા :** સી.ટી.એમ. અમદાવાદ વડોદરા એક્ષપ્રેસ હાઈવેના નાકા ઉપર જાહેરરોડ ઉપર

**પકડાયેલ મુદામાલ :** (૧) દેશી દારુ ૮૧૦ લીટર કિ.રૂ.૧૬,૨૦૦/- (૨) ટાટા નેક્ષોન કાર કિ.રૂ.૭,૦૦,૦૦૦/- (૩) મોબાઈલ ફોન નંગ ૨ કિ.રૂ.૧૫,૦૦૦/- (૫) રોકડા નાણા ૨૧૫૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૭,૩૩,૩૫૦/ ની મત્તાનો મુદામાલ.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૮૨ લીટર દેશી દારૂ, ૧૫૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૫ બીયરટીન, ૦૫ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૯,૬૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૦/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૧/૨૦૨૩**

**નવરંગપુરાઃ** શૈલેષભાઇ કલ્યાણભાઇ પટેલ (ઉ.વ.૪૮)(રહે,યુનિક સીટી હોમ્સ, પ્રસંગ પાર્ટી પ્લોટની બાજુમાં, ગોતા) એ તા.૧૪/૦૭/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૧/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧)જશવિંદર બાજવા (૨) હિતેશભાઇ (૩) મનીશભાઇ (૪) ચિરાગ યાદવ અને (૫)દર્શન જોષી એ ભેગા મળી નવરંગપુરા આશ્રમ રોડ, ચીનુભાઈ ટાવર, જી.એફ.૧૬ ખાતે "શાંતીલાલ સોમાભાઇ પટેલ આંગડીયા પેઢી" નામની ખોટી અંગડીયા પેઢી ખોલી અમેરીકાના વીઝીટર વિઝા આપવાનુ જણાવી, આંગડીયા પેઢીમા રૂપિયા ૫૧,૦૦,૦૦૦/- શો કરવા કરવાનું કહી, શૈલેષભાઇને વિશ્વાસમા લઇ રોકડ રૂપિયા ૫૧,૦૦,૦૦૦/- મેળવી લીધા બાદ મોબાઈલ ફોન અને આંગડીયા પેઢી બંધ કરી નાસી જઇ શૈલેષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.વાઘેલા ચલાવે છે.

**ઘરફોડઃ** **સમાચાર યાદી નં.૧૧૬૨/૨૦૨૩**

**ગુજરાત યુનિવર્સીટીઃ** ઉષાબહેન વા/ઓ નરેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૭૬)(રહે.સરદાર પટેલ સોસાયટી નહેરૂ રોડ વીલે પારલે ઇસ્ટ મુંબઈ) એ તા.૧૪/૦૭/૨૦૨૩ ના રોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે એપ્રીલ/૨૦૨૩ થી તા.૧૧/૭/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન નારણપુરા વાસુપૂજ્ય એપાર્ટ્મેન્ટ ખાતેના પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘર-વખરીનો સામાન, ચાંદીના વાસણો અને સોનાની બંગડી મળી કુલ રૂપિયા ૮૬,૭૫૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.કોડીયાતર ચલાવે છે.

## ખિસ્સામાંથી રોકડ ઝુંટવી નાસી ગયાઃ- સમાચાર યાદી નં.૧૧૬૩/૨૦૨૩

**માધવપુરાઃ** જીતેન્દ્રભાઈ ગોવિંદરામ ચૌધરી(મારવાડી)(ઉ.વ.૩૮)(રહે.હરીક્રિષ્ના હેબિટેશન ચંદ્રેશ્વર મહાદેવ મંદિર સામે, ચાંદખેડા ગામ) એ તા.૧૪/૦૭/૨૦૨૩ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૭/૨૦૨૩ સવારના ૧૧/૩૦ થી બપોરના ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા ઓ.એન.જી.સી.અવની ભવન બસ સ્ટેન્ડ થી દિલ્લી દરવાજા બસ સ્ટેન્ડ સુધીની મુસાફરી દરમ્યાન બસમાં આવેલ ચાર અજાણ્યા પુરૂષએ ભેગા મળી વારાફરતી જીતેન્દ્રભાઇનો હાથ પકડી ધક્કા-મુક્કી કરી પાછળથી ધક્કો મારી જીતેન્દ્રભાઇના પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૬૯,૦૦૦/- ખેંચી ઝુંટવી લઇ દિલ્હી દરવાજા બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ ખાતે ઉતરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એમ.રાઠોડ ચલાવે છે.

## બીજા માળેથી પડી જતાં મૃત્યુઃ સમાચાર યાદી નં.૧૧૬૪/૨૦૨૩

**સોલા હાઇકોર્ટઃ** તા.૧૩/૦૭/૨૦૨૩ રાતના ૭/૪૫ વાગ્યાના સુમારે ગોતા વંદેમાતરમ રોડ રેલવે ફાટકની બાજુમા “સેવન્થ યશ” નામની નવી બનતી સાઈટ ખાતે રહેતા અને ત્યાંજ મજુરીકામ કરતા અશ્વિનભાઈ વેસ્તાભાઈ ભગોરા (મુળ વતનઃ ગામઃ વેલપુરા તાઃઝાલોદ જીઃદાહોદ) નાઓની એક વર્ષ ચાર માસની પુત્રી આયુશી સાઇટના “બી” બ્લોકના બીજા માળે રમતા-રમતા બાલ્કનીમાંથી નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને કે.ડી.હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૦૭/૨૦૨૩ રાતના ૧૧/૨૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ આયુશીને મૃત જાહેર કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૧૬૫/૨૦૨૩

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** કશ્યપ હર્ષદભાઇ પરમાર (ઉ.વ.૨૧)(રહે.ગુ.હા.બોર્ડના મકાન ખોડિયારનગર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા નદીના પુર્વ કિનારે બહેરામપુરા ક્રિશ્ચિયન કબ્રસ્તાન પાછળ ઇલેક્ટ્રીક પોલ નંબર JAEL-2435 વોક-વે નજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશભાઈ કાનજીભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** વિપુલકુમાર હરગોવિંદભાઈ મહેરીયા (રહે.ગુજરાત હાઉસિંગ બોર્ડ, બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૭/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે તેમને શારદાબેન હોસ્પિટલ ખાતે લાવતા બપોરના ૪/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

**વટવાઃ (૧)** રાકેશભાઇ નગીનભાઇ ચૌહાણ (ઉ.વ.૩૬)(રહે.મઢુલી એપાર્ટમેન્ટ આસોપાલવની બાજુમાં વટવા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૭/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ધર્મદીપસિંહ ચંદુભા ચલાવે છે.

**વટવાઃ (૨)** અર્ચનાબહેન ડો/ઓ પપ્પુકુમાર પટેલ (ઉ.વ.૧૬)(રહે.કામનાથ મહાદેવ મંદીર પાસે, અંબાલાલનો કુવો, જાનીયાપીરનો ટેકરો, વટવા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૭/૨૦૨૩ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે રૂમમા લાગેલા પતરા લગાવવાની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ધર્મદીપસિંહ ચંદુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી